
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



મમ્મી... તમારા દિકરાનું પુછો છો?!... સાચું કહું...!! કડવાચોથની રાત્રે... આ ચારણીમાંથી જોયો તે જોયો... પછી નથી ખબર...!!

# ખોરજમાંથી કમળાના ૧૧ કેસ મળ્યા

## સર્વેલન્સ માટે દસ ટીમ બનાવી આજે ગામમાં હાઉસ ટુ હાઉસ સર્વે થશે

## ૧ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ : દર્દીઓમાં બે બાળકો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામમાંથી કમળાના ૧૧ કેસ મળી આવતાં આરોગ્યતંત્ર હરકતમાં આવી જવા પામ્યું છે. જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારીની ટીમ ખોરજ દોડી ગઈ હતી અને તાત્કાલિક સર્વેલન્સની કામગીરી હાથ ધરવા તેમજ પંચાયતના પદાધિકારીઓને પાણીના લિકેજીસ શોધી મરામત કરાવવા અને પાણીના ક્લોરીનેશન માટે કડક તાકીદ કરી છે. ગાંધીનગર-અમદાવાદ (સરખેજ હાઈવે) પર આવેલ ખોરજ ગામમાં કમળાના ૧૧ કેસ મળી આવેલ છે. જેમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. મળેલા આ કેસો પૈકી ૧ દર્દીને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૧૦ દર્દીઓને બહારના દર્દી તરીકે સારવાર આપવામાં આવી છે.

એકાએક મળી આવેલા કમળાના કેસોને લઈ આરોગ્ય તંત્ર હરકતમાં આવી જવા પામેલ છે. આજે તંત્રની ટીમે ગામમાં રેન્ડમ સર્વેલન્સ કર્યું હતું. જો કે રવિવારની રજા હોવા છતાં સર્વેલન્સની ૧૦ ટીમો બનાવી ગામના દરેક ઘરનું સર્વે કરવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે.

જિલ્લામાં આ સીઝનમાં એક સાથે કમળાના દર્દીઓ આટલી મોટી સંખ્યામાં મળતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જોકે છુટા છવાયા કેસો કલોલ પંથકમાં નોંધાતા રહ્યા છે. આ ઉપરાંત થોડાક કેસો ગાંધીનગર તાલુકામાં પણ છુટા છવાયા નોંધાયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં અને ખોરજમાં પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પાણીના લિકેજીસને કારણે આ કેસો મળ્યા હોવાનું પ્રાથમિક અનુમાન છે. જોકે એકાદ-બે દિવસમાં આ અંગેનું ચોક્કસ તારણ મળી જશે તેવો વિશ્વાસ પણ તંત્રના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

- તાના-રીરી મહોત્સવમાંથી પરત ફરી રહેલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલનું વિસનગર વોર્ડ નં. ૬ અને કડા ગામ ખાતે રાત્રે ૧૧ વાગે સ્વાગત ભાજપના કાર્યકરોએ કર્યું હતુ તો વસઈ ગામ ખાતે ગ્રામજનોએ ખવડાવ્યા ગોટા...
- મુખ્યમંત્રીશ્રીના જન્મદિને આજે શુભેચ્છા આપનારાઓમાં રાજકીય આગેવાનો ઉપરાંત અધિકારીઓ, શુભેચ્છકો અને સમર્થકોનો સમાવેશ થાય છે.
- સચિવાલયના સંખ્યાબંધ કર્મચારીઓને મનપાની ચૂંટણીમાં ફરજો સોંપાઈ હોવાથી આજે સચિવાલય ખાલી-ખાલી લાગતુ હતુ.
- ૧૯ થી ૨૫ નવેમ્બર કોમી એકતા સપ્તાહની ઉજવણીને લઈ આજે સર્વધર્મ સમભાવ મહાધ્યાનનો કાર્યક્રમ જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે યોજાયો હતો.
- ગાંધીનગર જિલ્લામાં તંત્ર દ્વારા ઈવીએમના સિલીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં બેવડી ઋતુનો માહોલ હોઈ શરદી અને વાઈરલ તાવના દર્દીઓ મળી રહ્યા છે.

# આઠ મહિનાથી વોન્ટેડ બુટલેગરને એસઓજીની ટીમે લીમડીથી પકડયો

## ચિલોડા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ હતો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પોલીસ સ્ટેશનમાં આઠ મહિના અગાઉ પ્રોહીબીશનનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં સુરેન્દ્રનગરના લીમડી વિસ્તારનો રાજુ ખોડા સભાડ હજુ સુધી વોન્ટેડ હતો. જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચના મુજબ વોન્ટેડ આરોપીઓ પકડવા એસઓજી પી.આઈ. પરાગ ચૌહાણની ટીમ સક્રીય છે ત્યારે પીએસઆઈ એ.જી. રાઠોડ તથા તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે લીમડી જઈ આઠ મહિનાથી વોન્ટેડ બુટલેગર રાજુ સભાડની ધરપકડ કરી લીધી છે. બુટલેગરની ધરપકડ કરીનો એસઓજીએ ચિલોડા પોલીસને સોંપી દીધો છે.

# કોંગ્રેસ પાર્ટી ભ્રષ્ટાચારનો પર્યાય : આઈ. કે. જાડેજા

ગાંધીનગર, તા. ૨૧

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કારમાં પરાજયની ભીતિથી બેબાકળી બનેલી કોંગ્રેસે ભાજપા સરકાર પર કરેલા આક્ષેપો અંગે કોંગ્રેસને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે, જે પક્ષના વડાપ્રધાનોને ભ્રષ્ટાચારના આરોપમાં આરોપીના કઠેડામાં ઉભા રહેવું પડ્યું હોય, જે કોંગ્રેસની તમામ સરકારો ભ્રષ્ટાચારને કારણે પ્રજાએ ઉખાડી ફેંકી હોય તે કોંગ્રેસ ભ્રષ્ટાચારનો પર્યાય છે.

શ્રી જાડેજાએ ગુજરાતમાં અને દેશમાં કોંગ્રેસના શાસનકાળની યાદ અપાવતાં કહ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં સત્તાના દલાલો અને વચેટીયાની બોલબાલા હતી. ખુદ એમના વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીએ સ્વીકારેલું કે, એક રૂપિયાની સામે માત્ર ૧૫ પૈસા જ પહોંચે છે. ૮૫ પૈસાનો ભ્રષ્ટાચાર જેમની સરકારમાં થતો હતો તેવી કોંગ્રેસના 'ઉલટા ચોર કોટવાલને દંડે'ની જેમ ભાજપ પર કરેલા આક્ષેપો હાસ્યાસ્પદ છે. પોતાની રિતિનીતિ મુજબ કોંગ્રેસને શાસનમાં ભ્રષાટાચાર એક અનિવાર્ય બાબત છે એમ લાગતું હોય પરંતુ ભાજપના છેલ્લા ૧૪ વર્ષના શાસનમાં ભાજપે પારદર્શક શાસનથી ટેકનોલોજીના ઉપયોગથી કોંગ્રેસે ઉભી કરેલી ભ્રષ્ટાચારની સાંકળને નેસ્તનાબૂદ કરી છે.

શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે આચરેલા ભ્રષ્ટાચાર અને કૌભાંડોની યાદી કરવામાં આવે તો તેમના શાસનકાળના વર્ષો નહી પરંતુ તેમના શાસનકાળના મહિનાઓ કરતાં પણ લાંબી યાદી બને. દેશ અને ગુજરાતની જનતાને આ યાદી યાદ છે એટલે બે-બે દાયકાથી કોંગ્રેસને દરવાજો દેખાડી દીધો છે. કોંગ્રેસના કરતૂતોને કારણે જનતાએ અનેક યાતનાઓ ભોગવી છે.

શ્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, ભ્રષ્ટાચારમાં ખદબદતી કોંગ્રેસને ભ્રષ્ટાચારના કરતૂતોના તેમના સમયના ભ્રષ્ટાચારના ભાવો યાદ આવે છે અને સત્તાની મધલાળમાં ક્યાંય એમની દુકાનો ખુલે તો કોંગ્રેસના કારસ્તાનો ક્યા પ્રકારના હશે તેના દિવાસ્વપ્નો સમાન યાદી અત્યારથી જ કરી રાખી છે.

# આનંદીબેનનો ૭૫મો જન્મદિવસ અત્યંત સાદગીપૂર્વક ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને આજે તેમના ૭૫મા જન્મ દિવસે વહેલી સવારથી જ મુખ્યમંત્રી નિવાસસ્થાને જન્મદિનની શુભકામનાઓ પાઠવવા રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ-વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહજી વાઘેલા, મુખ્ય સચિવશ્રી જી. આર. અલોરિયા તેમજ વરિષ્ઠ સચિવશ્રીઓ અને વિશાળસંખ્યામાં શુભેચ્છકોએ પ્રત્યક્ષ મળીને પુષ્પગુચ્છ અર્પણ કરી જન્મદિને ગતિશીલ સુશાસન અને તંદુરસ્ત દીર્ઘાયુની કામનાઓ પાઠવી હતી. ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીએ પણ મુખ્યમંત્રીશ્રીને જન્મ દિવસની શુભકામનાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ તેમનો જન્મદિવસ અત્યંત સાદગીપૂર્ણ રીતે મનાવ્યો હતો અને સૌ શુભેચ્છકોનો આભાર વ્યકત કર્યો હતો.

# સે-૫માં પિયરમાં આવેલી પરિણીતાનો પંખે લટકી ગળે ફાંસો

## સાસરી અમરેલીમાંથી બે સંતાનની માતા ૨૫ દિવસથી પિયર આવી હતી : આપઘાતનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા. ૨૧

સાસરી અમરેલીથી પચીસેક દિવસ અગાઉ પિયરમાં શહેરના સેકટર-૫માં રહેવા આવેલી બે સંતાનની માતાએ આજે બપોરના અરસામાં પંખે દુપટ્ટો બાંધી પંખે લટકી જઈને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરવા પાછળનું રહસ્ય હજુ અકબંધ છે. પરંતુ માતા પિતા જમીને ઉભા થયા અને રુમનો દરવાજો બંધ જોઈ ખટખટાવ્યો તેમ છતાં કોઈ જવાબ ન મળતા દરવાજો તોડીને અંદર પ્રવેશ્યા ત્યારે દિકરીએ આપઘાત કરી લીધો હોવાની પરિવારજનોને જાણ થઈ હતી. સેકટર-૭ પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે. અમરેલીથી પોતાના પિયરમાં સે-૫-સી પ્લોટ નં. ૮૧૮/૨માં પચીસેક દિવસથી રહેવા આવેલી ૪૦ વર્ષીય પરિણીતા સ્મિતાબેન કિશોરભાઈ ધુવાના લગ્ન પંદરેક વર્ષ અગાઉ થયા હતા. તેમને લગ્ન જીવન દરમિયાન એક દિકરી અને એક દિકરો મળી બે સંતાન છે. આજે બપોરે ઘરે બધા જમવા બેઠા અને સ્મિતાબેન પોતાના રુમમાં ગયા હતા. માતા પિતા જમીને ઉભા થયા અને રુમનો દરવાજો બંધ જોઈ ખટખટાવ્યો તો અંદરથી કોઈ જ જવાબ ન મળતા દરવાજો તોડીને માતા પિતા અંદર રૂમમાં પ્રવશ્યા અને જોયું તો દિકરી સ્મિતા પંખે દુપટ્ટો બાંધીને લટકી ગઈ હતી. કોઈ કારણોસર પંખે લટકીને સ્મિતાબેને આપઘાત કરી લીધો હતો. સેકટર-૭ પોલીસ મથકના મહિલા પીએસઆઈ ચૌધરીએ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# જિલ્લા તાલુકા ચૂંટણી પ્રચારમાં ભાજપ કોંગ્રેસના નેતાઓ જોતરાયા

ગાંધીનગર, તા. ૨૧

મહાપાલિકા બાદ હવે જિલ્લા તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી માટે ભાજપ કોંગ્રેસના નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બન્યા છે.

૬ મહાનગરપાલિકાઓની ચૂંટણીના પ્રચાર પડધમ શાંત પડ્યા છે. ત્યારે આગામી ૨૯મી નવેમ્બરના રોજ યોજાનારી ૩૧ જિલ્લા પંચાયતો ૨૩૦ તાલુકા પંચાયતો અને ૫૬ નગરપાલિકાઓની ચૂંટણી માટે ભાજપ કોંગ્રેસના નેતાઓ પૂરજોશથી પ્રચાર શરૂ કર્યો છે.

ભાજપ કોંગ્રેસના પ્રદેશ નેતાઓ હવે જિલ્લા તાલુકાના ગામડાઓનો પ્રવેશ શરૂ કરીને વાયુવેગે ચૂંટણી સભાઓને ગજવી રહ્યા છે. આ વખતે જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો માટે અસ્તિત્વનો જંગ હોઈ બન્ને પક્ષોના નેતાઓએ ચૂંટણી પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે.

કોંગ્રેસ ગુજરાતની વર્તમાન ભાજપ સરકારના કુશાસનને મુદ્દો બનાવીને પ્રજાનું દીલ જીતવા માટેના પ્રયાસો કરી રહ્યું છે. તો બીજી બાજુ સત્તા પક્ષ ભાજપ રાજ્યમાં કરેલા વિકાસના કામોને પ્રજા સમક્ષ મુકીને પ્રજાનું દીલ જીતવા માટેના પ્રયાસો કરી રહ્યું છે.

જો કે આ વખતે પાટીદાર અનામત આંદોલને ભાજપ માટે કપરા ચઢાણ બનાવ્યા છે. ત્યારે ભાજપ આ પડકારને કઈ રીતે સામનો કરીને પોતાની વિજય કુચ જારી રાખે છે તે જોવું રહ્યું.

# નાગર કલાકારોની કૃતિઓના પ્રદર્શનનો પ્રારંભ

## હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સૅન્ટર ખાતે સાંજે ૪થી ૮ દરમ્યાન પ્રદર્શન જોઈ શકાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના પરિમલભાઈ વસાવડા પરિવાર દ્વારા આજે અમદાવાદની ગુફા પાસે સેપ્ટ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલ હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર ખાતે નાગર જ્ઞાતિના અમેચ્યોર ડ્રોઈંગ અને ફોટોગ્રાફટ આર્ટિસ્ટની કલાકૃતિઓના પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન જાણીતા આર્ટ કલેક્ટર અનિલભાઈ રેલિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં નાગર જ્ઞાતિના અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, હૈદ્રાબાદ જેવા અનેક શહેરોમાંથી યુકેથી આવેલા કલાકારોની વિવિધ કૃતિઓ સામેલ કરવામાં આવી છે. આ પ્રદર્શનમાં ગાંધીનગરના હર્દાગંના વોરા, હીમા વોરા, વત્સલ વોરાની ડ્રોઈંગની તથા નિશાદ ધ્રુવની ફોટોગ્રાફીની કલાકૃતિઓનો પણ સમાવેશ કરાયો છે. આ પ્રદર્શન તા. ૨૪મી નવેમ્બર સુધી ચાલશે. જેમાં પ્રદર્શનનો સમય બપોરે ૪ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે.

# માણસાના સરકારી પુસ્તકાલયમાં રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી કરાઈ



## ૧૪થી ૨૦ નવેમ્બર દરમિયાન ગમ્મત ગુલાલ કાર્યક્રમ, પુસ્તક પ્રદર્શન, જનરલ નોલેજ ક્વીઝ, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી

ગાંધીનગર, તા. ૨૧

રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ અંતર્ગત માણસાની સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઈનામો પ્રાપ્ત કર્યા હતા.

માણસા સ્થિત સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે આયોજીત રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણીમાં ૧૪થી ૨૦ નવેમ્બર દરમિયાન ગમ્મત ગુલાલ કાર્યક્રમ, પુસ્તક પ્રદર્શન, જનરલ નોલેજ ક્વીઝ, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનામાં રહેલી શક્તિઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઈનામો પ્રાપ્ત કર્યા હતા. વિવિધ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિજેતા બાળકોને સંસ્થા તરફથી પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે સુરેશભાઈ ઠાકોર, અજયભાઈ શર્મા, હર્ષદભાઈ મોદી, નિપુલભાઈ, અશ્વિનભાઈ, હરેશભાઈ સિંધીએ સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં સરકારી તાલુકા પુસ્તકાલય માણસાના ગ્રંથપાલ ગોવિંદભાઈ રાવળ, ભરતભાઈ જાદવે માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે સંચાલન સુરેશભાઈ ઠાકોરે કર્યું હતું.

# મુખ્યમંત્રી આનંદીબેને વસઈ ડાભલા ખાતે જૂના કાર્યકરો સાથે ગોટાની મજા માણી

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મહેસાણા નજીક વડનગરમાં આયોજીત તાના-રીરી મહોત્સવમાં ગયા હતા અને પરત ગાંધીનગર આવતી વેળાએ વસઈ ડાભલા ખાતે અચાનક પોતાના કાફલાને રોકાવી ભાજપના જૂના કાર્યકરો અને આગેવાનો સાથે બેસી મોડી રાત્રે મેથીના ગોટાની જયાફત માણી કાર્યકરો સાથે જુની યાદો તાજી કરી હતી.

રાજ્યના મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પોતાના ૭૫માં જન્મદિનની પૂર્વ સંધ્યાએ રાજ્ય સરકાર આયોજીત તાના-રીરી મહોત્સવમાં ગયા હતા. જ્યાં સંગીત શાસ્ત્રીઓનું સંગીત માણી પરત ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસ પોતાના કાફલા સાથે આવી રહ્યા હતા. આ દરમિયાન રાત્રીના ૧૧ વાગ્યાના સમયે વસઈ ડાભલા ચોકડી પાસે ભાજપના કાર્યાલય ખાતે પોતાના કાફલાને થોભાવી વર્ષો જૂના પીઢ ભાજપી કાર્યકરો અને આગેવાનોની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી આનંદીબેને મુલાકાત દરમિયાન ભાજપ કાર્યાલય ખાતે જ કાર્યકરો દ્વારા તૈયાર કરાવેલા ગરમા-ગરમ મેથીના ગોટા-સાથે કઢી અને ડુંગળી મરચાની જયાફત માણી હતી અને પોતાના જન્મદિનની ઉજવણીની પ્રથમ શરૂઆત પોતાના જૂના સાથી કાર્યકરો સાથે કરી હતી. ઉપરાંત આનંદીબેને કાર્યકરો સાથે બેસી એક બીજાના ખબરઅંતર પુછી અનેક ચર્ચાઓ પણ કરી હતી.

મુખ્યમંત્રીની આ સ્નેહાળ મુલાકાતથી કાર્યકરો ઉત્સાહિત થઈ ઉઠ્યા હતા અને ચૂંટણી પ્રચારમાં જોરશોરથી જોડાઈ જવા પ્રેરિત થઈ જવા પામ્યું છે.

# શેરથામાં એક મકાનમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

## ૪૦,૬૩૦ના મુદ્દામાલ સાથે શકુનીઓની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક આવેલા શેરથા ગામના ઠાકોર વાસમાં રહેતા મંગા ગાભા ઠાકોરના મકાનમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે ગઈ સાંજે દરોડો પાડીને છ શકુનીઓને પકડી પામ્યા હતા. પોલીસે મંગા ગાભા ઠાકોર ઉપરાંત લાલુ ધના ઠાકોર, માસંગ ગાભા ઠાકોર, સના મણા ઠાકોર, અમરત માધા ઠાકોર અને કનુ જીવા ઠાકોર મળીને છ શકુનીઓની પાંચ મોબાઈલ, વાહનો અને રોકડ મળી કુલ રૂ. ૪૦,૬૩૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી છે.

# લાલકૃષ્ણ અડવાણી આજે મતદાન માટે અમદાવાદ આવશે

## સવારે ૮.૩૦ વાગે ખાનપુર ખાતે મતદાન કરશે

ગાંધીનગર, તા. ૨૧

અમદાવાદ મહાનગર પાલિકાની આવતીકાલે યોજાનારી ચૂંટણીમાં ભાજપના વરિષ્ઠ નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ અમદાવાદના વિવિધ વિસ્તારોમાં મતદાન કરશે. ભાજપાના અગ્રણી નેતા, પૂર્વ નાયબ વડાપ્રધાન અને ગાંધીનગર લોકસભાના સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણી સવારે ૮.૩૦ વાગે જમાલપુર વોર્ડમાં રૂમ નં. ૩, સીયુ. શાહ સીટી આર્ટસ કોલેજ, ખાનપુર ખાતે મતદાન કરશે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સવારે ૮ વાગે ગોતા વોર્ડમાં શીલજ પ્રાથમિક શાળા ખાતે તથા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ સવારે ૧૧ વાગે નારપુર વોર્ડમાં બુથ નં. ૨૯, નિષ્કલ સ્કૂલ, વિજયનગર પાસે મતદાન કરશે.